
PRIMA









પોરબંદર મહાનગરપાલિકા વિસ્તારમાં સફાઇ, લાઇટ, પાણી સહિત સુવિધા માટે વિવિધ કામગીરી

- **ઇલેક્ટ્રિક વિભાગ દ્વારા જુદા-જુદા વિસ્તારોમાં સ્ટ્રીટ લાઇટ રીપેરીંગ કરવામાં આવેલ.**
- **સેનિટેશન વિભાગ દ્વારા જુદા-જુદા વોર્ડના વિસ્તારોમાં સફાઇ કરવામાં આવેલ.**
- **વોટર વર્ક્સ વિભાગ દ્વારા પાઇપલાઇન રીપેરીંગ સહિતની વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.**
- **ગાર્ડન વિભાગ દ્વારા શહેરના બાગ-બગીચાઓની સાફ-સફાઇ કરવામાં આવેલ તેમજ વૃક્ષોની ડાળીઓનું ટ્રીમીંગ કરવામાં આવેલ.**
- **સમાજ સંગઠન વિભાગ દ્વારા લાભાર્થીઓને લોનના ફોર્મ ભરી આપવામાં આવેલ.**

તા: ૧૫/૧૦/૨૦૨૬

માનનીય કમિશનર સાહેબશ્રી તથા નાયબ મ્યુનિસિપલ કમિશનર સાહેબશ્રી (પ્રોજેક્ટ) ની સુચના અનુસાર ઇલેકટ્રીક વિભાગ દ્વારા તા. ૧૪-૧૦-૨૦૨૬, સવારે ૧૦ થી સાંજે ૭ વાગ્યા સુધી પોરબંદર મહાનગરપાલિકાના જુદા-જુદા વોર્ડના વિસ્તારો જેવા કે છાયા વિસ્તાર, વનાણા, દિગ્વિજયગઢ, રાંધાવાવ વિસ્તાર, કોળીવાડ, ઠક્કર પ્લોટ, લીમડા ચોક, નવા કુંભારવાડા ખાડી વિસ્તાર, બોખીરા-જ્યુબેલી-ખાપટ વિસ્તાર અને સુભાષનગર તથા પી.એમ.સી. કનેકટની એપ્લીકેશન મારફતે ઓનલાઇન ફરિયાદો સહિતની જુદા-જુદા વિસ્તારોની કુલ **૧૩૯** સ્ટ્રીટલાઇટો રીપેરીંગ કરેલ છે.

પોરબંદર મહાનગરપાલિકા સેનિટેશન ડીપાર્ટમેન્ટ દ્વારા આજરોજ એસ.વી.પી. રોડથી એમ.જી. રોડ, વિલા સર્કિટથી ફુવારા રોડ, યુગાન્ડા રોડથી વાડિયા રોડ, જ્યુબેલીથી APMC માર્કેટ મેઇન રોડ, ગ્લોબલ હોસ્પિટલ મેઇન રોડ, છાયા મેઇન રોડ જેવા તમામ મેઇન રોડની સફાઇની કામગીરી કરેલ તથા કોમર્શિયલ વિસ્તારોની સફાઇની કામગીરી કરવામાં આવેલ છે.

વોટર વર્કસ વિભાગ દ્વારા આજરોજ જુદા-જુદા વોર્ડમાં સુપરવિઝન કરવામાં આવેલ. જેમાં ખાપટ-માર્કેટીંગ યાર્ડ સામેની શેરી, કર્મચારી સોસાયટી, ગીતાનગર, ફુવારા પાસે હર્ષદ પ્લોટ, ધરમપુર અને બોખીરા-ફૂલવાડીમાં પાઇપલાઇન-કનેક્શન રીપેરીંગ, ખાપટ-આરાધનાધામ સોસાયટીમાં વાલ્વની સફાઇ, વનાણામાં ૯૦ એમ.એમ. લાઇનનું રીપેરીંગ તથા કર્મચારી સોસાયટી પાણીના ટાંકામાં લાઇન રીપેરીંગ સહિત વિવિધ કામગીરી કરવામાં આવેલ.

ગાર્ડન વિભાગ દ્વારા આજરોજ ચોપાટી વિલા ગાર્ડન, રૂપાળીબાગ, રાણીબાગ, મહારાણા નટવરસિંહજી બાગ-ખીજડી પ્લોટ, કમલાબાગ, વાડી પ્લોટ શાક માર્કેટ ગાર્ડન, વોકિંગ પ્લાઝા ગાર્ડન અને શાસ્ત્રી સર્કલ ગાર્ડન સહિત વિવિધ બાગ-બગીચાઓની સાફસફાઇ તથા જુદા-જુદા વિસ્તારોમાં વૃક્ષોની ડાળીઓના ટ્રીમીંગની કામગીરી કરવામાં આવેલ.

પોરબંદર મહાનગરપાલિકાના સમાજ સંગઠન વિભાગ દ્વારા આજરોજ કુલ **૦૮** લાભાર્થીઓના લોનના ફોર્મ ભરી માર્ગદર્શન આપવામાં આવેલ છે.

જાહેર સુવિધાઓ અંગેની કોઇપણ ફરીયાદ નોંધાવવા માટે નાગરિકો પોરબંદર મહાનગરપાલિકા દ્વારા કાર્યરત ટોલ ફ્રી નંબર 1800 233 0286 પર સંપર્ક કરી શકે છે.